ચાલુ બાબત, વર્ષ ૨૦૨૧-૨૨

ખેડૂતોને કૃષિ ક્ષેત્રે પાકોમાં ઇયળોનો ઉપદ્રવ ઘટાડવા ફેરોમેન ટ્રેપ અને દેશી ખાતરનું સંપુર્ણ ડિકમ્પોઝીશન કરવા માટે વેસ્ટ-ડિકમ્પોઝર તૈયાર કરવા માટેની સહાય યોજનાને મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૨૦/૧૧૫૧/ક.૬

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૯/૮/૨૦૨૧

વંચાણે લીધા :-

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો ઠરાવ ક્ર.બજટ/૧૦૨૦૧૯/૧૩૦૦/ક.૬, તા.૮/૭/૨૦૨૦

(૨) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગનો સુધારા ઠરાવ ક્ર.બજટ/૧૦૨૦૧૯/૧૩૦૦/ક.૬, તા.૧૦/૮/૨૦૨૧

(૩) ખેતી નિયામકશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક: આઇક્યુ/પેસ્ટી-૪/૧૬૪૭૮-૭૯/૨૦૨૧, તા.૦૬/૩/૨૦૨૧

<u>પ્રસ્તાવના :-</u>

જતુંનાશક દવાના છંટકાવથી ખેડુતોના પાક ઉપર અને માણસોના આરોગ્ય પર માઠી અસર જોવા મળે છે. આથી, દેશ અને રાજ્યમાં ખેડુતો ઓર્ગેનિક/પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે, તેઓના ખેતી ખર્ચમાં ઘટાડો થાય, ખેડૂતોની આવક બમણી થાય અને માણસોનું આરોગ્ય સારૂ રહે તે દિશામાં રાજ્ય સરકાર આગળ વધી રહી છે. ગુજરાતમાં મુખ્યત્વે કપાસ, મગફળી, એરંડા, ચોખા, શેરડી, ઘઉં, ચણા, જીરૂ, તુવેર વિગેરે પાકોનું વાવેતર કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે લીલી ઈયળ, કાબરી ઈયળ, લશ્કરી ઈયળ, ગુલાબી ઈયળ વિગેરે જેવી જીવાતો ખેતી પાકોને ખાઇને નુકસાન કરે છે. ખેડૂતો દ્વારા આ પ્રકારની જીવાતોને નિયંત્રણ કરવા ઘણા પ્રકારની મોંઘી દવાનો અને રાસાયણીક ખાતરોનો જરૂર કરતા વધારે પડતો ઉપયોગ કરી, ઉત્પાદન વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે. જેને કારણે ખેડૂતોની ખેતી ખર્ચમાં ઘણો વધારો થાય છે. જંતુનાશક દવાના Residue effect ને કારણે માણસોની તંદુરસ્તી પર પણ અસર થાય છે અને વધારે પ્રમાણમાં ઉપયોગ કરેલ રાસાયણિક ખાતર જમીનમાંથી છોડ લઇ શકતો ન હોઇ, જમીનની ફળદ્રુપતા પર પણ અસર થાય છે. ખેતી પાકોમાં ઈયળોથી થતા નુકસાનને અટકાવવા ફેરોમેન ટ્રેપનો ઉપયોગ કરવા તરફ તેમજ રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડવા તેમજ વેસ્ટ ડીકમ્પોઝરના ઉપયોગથી દેશી ખાતરમાં પાકના અવશેષોને રૂપાંતરીત કરવા તરફ ખેડુતોને વાળવા જરૂરી છે. જે માટે ખેડૂતોને કૃષિ ક્ષેત્રે પાકોમાં ઇયળોનો ઉપદ્રવ ઘટાડવા ફેરોમેન ટ્રેપ અને

કુલપતિશ્રીનું કાર્યાલય ન.કૃ.યુ. ઇ.નં. 625/21 25 AUG 2021 PS TO VC

26 AUG 2021 DR office 432 26/8

દેશી ખાતરનું સંપુર્ણ ડિકમ્પોઝીશન કરવા માટે વેસ્ટ-ડિકમ્પોઝર તૈયાર કરવા માટેની સહાય અંગેની નવી યોજનાને વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન વંચાણે લીધેલ ક્રમ નં.-૧ પરના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી અને ક્રમ નં-૨ પરના ઠરાવથી સુધારો બહાર પાડવામાં આવેલ છે. સદર યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ માટે મંજુર થયેલ રૂા. રૂ.૨૫.૦૦ લાખને વહીવટી મંજુરી આપવા માટે ખેતી નિયામકશ્રીની વંચાણે લીધેલ પત્ર ક્રમાંક (૩) થી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણ હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, ખેડૂતોને કૃષિ ક્ષેત્રે પાકોમાં ઇયળોનો ઉપદ્રવ ઘટાડવા ફેરોમેન ટ્રેપ અને દેશી ખાતરનું સંપુર્ણ ડિકમ્પોઝીશન કરવા માટે વેસ્ટ-ડિકમ્પોઝર તૈયાર કરવા માટેની સહાય યોજના અંતર્ગત ચાલુ બાબત તરીકે વર્ષ ૨૦૨૧-૨૨માં થયેલ બજેટ જોગવાઇ રૂ.૨૫.૦૦ લાખને નીચેની વિગતે વહીવટી મંજુરી આપવાનું નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

| અનુ. | ઘટકો | વર્ષ ૨૦૨૧-૨૨ની જોગવાઇ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ફેરોમેન ટ્રેપ અને વેસ્ટ ડીકમ્પોઝર ના ઉત્પાદન સબંધિત જરૂરી મટીરીયલ અને આનુષાંગિક સાધન સામગ્રી | ૩.૨૦ |
| ૨* | લેબ આસીસ્ટન્ટ (કોન્ટ્રાક્ટ બેઝિઝ – કુલ :૫)<br>લેબ બોય (કોન્ટ્રાક્ટ બેઝિઝ – કુલ :૫) | ૧૭.૦૦ |
| ૩ | પ્રસાર પ્રચાર, કચેરી ખર્ચ અને અન્ય કન્ટીઝન્સી ખર્ચ | ૪.૮૦ |
| | કુલ | ૨૫.૦૦ |

*ઉક્ત કોષ્ટકના અનુ નં-૨માં દર્શાવેલ આઉટસોર્સથી ભરવાની થતી જગ્યાઓની સેવાઓ સને ૨૦૨૧-૨૨ના વર્ષમાં ચાલુ રાખવાની મંજુરી માટે અલગથી દરખાસ્ત કરવાની રહેશે.

(૧) સને ૨૦૨૧-૨૨ ના વર્ષની બજેટ જોગવાઈને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધત્તિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહી.

(૫) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

25 AUG 2021

(૬) યોજનાની નિયત થયેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર. એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઇ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૧૦) વાહન સુવિધા અને વાહન હંકારનારની સેવા આઉટસોર્સથી મેળવવા અંગે સામાન્ય વહિવટ વિભાગના તા.૦૧.૦૪.૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: મકમ/૨૦૦૪/૨૫૩૯/૨/ખ-૩ ની સુચાનાઓ અનુસાર અથવા સરકારશ્રીની પ્રર્વતમાન નિતિનિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૧) જે એજન્સી પાસેથી વાહનો ભાડે રાખવામાં આવે તે એજન્સીએ ટોલ ટેક્ષ ભરવાનો રહેશે.

(૧૨) જે એજન્સી પાસેથી વાહનો ભાડે લેવામાં આવે તેવા વાહનોનો વિમો નિયમિત રીતે ભરાયેલ હોય તે ધ્યાને લઇ, વાહનની સ્થિતિ સારી હોય તેવી સ્થિતિમાં હોઇ કાનુની પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે રીતે વાહનો ભાડે મેળવવાના રહેશે.

(૧૩) એક વાહન ભાડે રાખવા માટે માસિક ૨૫૦૦ કિલો મીટર અને વાહન ચાલક સાથે રૂા.૩૪૦૦૦/- પ્રતિ માસ (અંકે રૂપીયા ચોત્રીસ હજાર પુરા) મુજબ બજેટ સીલીંગની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે અથવા સરકારશ્રીની પ્રર્વતમાન નિતિનિયમોનુસાર અમલ કરવાનો રહેશે.

(૧૪) રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) સદર યોજના માટે જે સંસ્થા/એજન્સી નોડલ એજન્સી તરીકે કાર્ય કરતી હોય તે નોડલ એજન્સીએ સદર યોજના માટે અલાયદા બેન્ક ખાતાઓ ભારત સરકારની PSU બેન્કમાં ખોલાવવાના રહેશે.

(૧૬) નોડલ એજન્સીએ નાણા વિભાગના તા.૩૧-૦૧-૨૦૧૯, તા.૦૫-૧૧-૨૦૧૮, તા.૨૯-૧૦-૨૦૧૬, તા.૦૧-૦૯-૨૦૧૪ના વિવિધ પરીપત્રો તેમજ વખતો વખત નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૭) નોડલ એજન્સી નાણાકીય વર્ષના અંતે તેઓ હસ્તક બચત રહેતી રકમ વ્યાજ સહિત સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે. નોડલ એજન્સીએ કોઇ પણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા વિના સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ પાર્ક કરવાની રહેશે નહી.

(૧૮) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૧૯) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૨૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

ઉપર મુજબની શરતો તેમજ બિડાણમાં સામેલ પરિશિષ્ટ: (૧) માં જણાવેલ સામાન્ય શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નં | : | ૨ મહેસુલી સદર |
| મુખ્ય સદર | : | ૨૪૦૧- પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | : | ૧૦૭-છોડ રક્ષણ |
| પેટા સદર | : | (૧૨) ગાંધીનગર ખાતે જૈવિક નિયંત્રણ પ્રયોગશાળા |

આ હુકમનો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રી (કૃષિ) ની તા.૧૬/૦૪/૨૦૨૧ ની નોંધથી અને સચિવશ્રી (કૃષિ) ની તા.૨૭/૦૪/૨૦૨૧ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બીડાણ : પરિશિષ્ટ: ૧

(શિલ્પા એમ.દેસાઇ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

૧) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર (જિલ્લા કક્ષાએ નકલો આપવાની વિનંતી સહ)

૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.

૩) નિયામકશ્રી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજન્સી, અમદાવાદ.

૪) તમામ સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ), ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર મારફત

૫) કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સીટી., દાંતીવાડા કૃષિ યુનિવર્સીટી, નવસારી કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી.

૬) તમામ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર મારફત

૭) તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર મારફત

૮) સેકશન અધિકારીશ્રી, બ-૧, નાણા શાખા, કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯) સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર-વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ

૧૦) નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ.

૧૧) સિલેકટ ફાઇલ – ૨૦૨૧.

## પરિશિષ્ટ-૧

## શરતો અને બોલીઓ

**ખેડૂતોને કૃષિ ક્ષેત્રે પાકોમાં ઇયળોનો ઉપદ્રવ ઘટાડવા ફેરોમેન ટ્રેપ અને દેશી ખાતરનું સંપુર્ણ ડિકમ્પોઝીશન કરવા માટે વેસ્ટ-ડિકમ્પોઝર તૈયાર કરવા માટેની સહાય યોજનાની શરતો અને બોલીઓ (વર્ષ ૨૦૨૧-૨૨) ઠરાવ ક્ર.બજટ/૧૦૨૦૨૦/૧૧૫૧/ક-૬, તા.૧૯/૦૮/૨૦૨૧નું બિડાણ.**

૧. આ યોજનાનો અમલ ગાંધીનગર ખાતે આવેલ જૈવિક નિયંત્રણ પ્રયોગશાળાએ કરવાનો રહેશે.

૨. આ યોજનાનાં નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રી, ગાંધીનગર રહેશે, તેમજ યોજનાનાં અમલીકરણ બાબતમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ખેતી નિયામકનો નિર્ણય આખરી રહેશે. યોજનાની કુલ નાણાંકીય જોગવાઇની મર્યાદામાં ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગર આંતરીક ઘટક ફેરફાર કરી શકશે.

3. આ યોજનાના અમલીકરણ અધિકારી નાયબ ખેતી નિયામક (ભુ,.સં.), ગાંધીનગર રહેશે અને આ યોજનાનું અમલીકરણ સંતોષકારક અને યોગ્ય રીતે થાય તે જોવાની અને સંકલનની જવાબદારી સંબંધિત નાયબ ખેતી નિયામક (ભુ,.સં.), ગાંધીનગરની રહેશે.

૪. આ યોજનાની ગ્રાન્ટ સબંધિત નોડલ એજન્સીને ફાળવવા માટે ખેતી નિયામકને અધિકૃત કરવામાં આવે છે. રકમના ચુકવણા માટેની નોડલ એજન્સી <u>ગુજરાત રાજય બીજ પ્રમાણન એજન્સી, અમદાવાદ</u> રહેશે.

૫. સબંધિત નોડલ એજન્સીએ ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુટીસી) નિયત નમુનામાં ખેતી નિયામક, ગાંધીનગરને સમયસર મોકલવાના રહેશે. તેમજ થનાર ખર્ચના વિગતવાર હિસાબો તથા ઓડીટને લગતી કામગીરી કરાવવાની રહેશે.

૬. નોડલ એજન્સીએ ચૂકવવાપાત્ર રકમ ECS (Electronic Clearance Service)/ RTGS (Real Time Gross Settlement) /NEFT મારફતથી સંબંધિતના ખાતામાં જમાં કરવાની રહેશે.

૭. આ યોજના હેઠળ કરવાના થતા તમામ ચુકવણાની દરખાસ્ત તૈયાર કરી નાયબ ખેતી નિયામક (ભુ,.સં.), ગાંધીનગર મારફત ચુકવણા માટે સંબંધિત નોડલ એજન્સીને મોકલવાની રહેશે.

૮. યોજના હેઠળ ખરીદ કરવાની થતી સાધન-સામગ્રી સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ, તા.૦૪/૧૦/૨૦૧૭ મુજબ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફત ખરીદી કરવાની રહેશે.

૯. યોજના હેઠળ ખરીદ કરવાની થતી સાધન-સામગ્રી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફત ઉપલબ્ધ થઇ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં ટેન્ડર પ્રોસેસિંગ પ્રક્રિયા કરવાની થાય તો તે બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસપીઓ /૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, તા. ૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ-સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અથવા ખરીદ નીતિ-૨૦૧૬ અન્વયેના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા.03/0૬/૨૦૧૬ અથવા નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: જીએફઆર/૧૦૨૦૧૭/

૮૦૫/૪૧૮૦૪૪/ઝ, તા.૧૨/૦૯/૨૦૧૭ અથવા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચ, તા.૦૧/૧૦/૨૦૧૮ ની જોગવાઇઓ-શરતો મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. આ યોજના અંતર્ગત ખરીદ કરવાની થતી સાધન-સામગ્રી બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો ખેતી નિયામકનો નિર્ણય આખરી રહેશે.

૧૧. આ યોજન હેઠળ થયેલ ખર્ચનો માસિક અહેવાલ આગામી માસની બીજી તારીખ સુધીમાં અમલીકરણ અધિકારીએ ખેતી નિયામકશ્રી ગાંધીનગરને મોકલી આપવાનો રહેશે.

૧૨. આ યોજના હેઠળ Pheromone trap અને Wastedecomposer નું ઉત્પાદન કરી ખેડૂતોને વિના મુલ્યે એટલે કે ૧૦૦% સહાયના ધોરણે વિતરણ કરવાનું રહેશે.

૧૩. આ યોજના હેઠળ તાંત્રિક માર્ગદર્શન રાજ્યની કૃષિ યુનિવર્સિટીએ પુરૂ પાડવાનું રહેશે.

૧૪. આ યોજનાના તમામ ઘટકોનું અમલીકરણ ખેતી નિયામકશ્રી/સરકારશ્રીની વખતો વખતની સુચનાઓ અનુસાર કરવાનું રહેશે.

૧૫. આ યોજના હેઠળ Pheromone trap અને Waste decomposer ના ઉત્પાદન કરવા માટે તમામ આનુસંગિક અદ્યતન સાધન-સમગ્રી અને સંલગ્ન બાબતો માટેનો ખર્ચ કરી શકાશે.

૧૬. જૈવિક નિયંત્રણ પ્રયોગશાળાની કામગીરી માટે એક વાહન ભાડે રાખી શકાશે.